ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# હેમચંદ્રાચાર્યના શબ્દાનુશાનમાં સમાજદર્શન

**Dr. Madhubhai Hirpara**

Darbar Gopaldas shikshan Mahavidyalaya,

Aliyabada

મહાન વ્યક્તિત્વના સ્વામી આચાર્ય હેમચન્દ્રએ એક જૈન કવિ રૂપે સિદ્ધરાજ જયસિંહના વિપુલ યશ ની સાથે એક પ્રાણ બનીને ભારતીય સંસ્કૃત સાહિત્ય ના ઈતિહાસમાં પોતાની કીર્તિ ગાથા અમર કરી છે તો બીજી બાજુ પોતાની અતુલનીય ને અદ્ભુત કૃતિઓના સહારે સમગ્ર સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં એક માત્ર કલિકાલસર્વજ્ઞનું બિરૂદ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કરે છે. સાથે સાથે ભારત વર્ષના સમાજશાસ્ત્રી તરીકેની ખ્યાતી પ્રાપ્ત કરી છે. શબ્દાનુશાસનમ્ નામના અતુલનીય ગ્રંથમાં વ્યાકરણની સાથે સાથે તેમનો સમાજશાસ્ત્રીય અભિગમ જોવા મળે છે.

હેમચન્દ્રાચાર્યએ પોતાના શબ્દાનુશાસનમ્માં જે સમાજનું નિરૂપણ કર્યું છે તે સમાજ પાણિનિ અને અન્ય વૈયાકરણકારોના સમાજની અપેક્ષાએ વિકસિત છે. હેમચન્દ્રાચાર્ય દ્વારા શબ્દાનુશાસનમાં અપાયેલ ઉદાહરણોમાં વર્ણ અને જાતિ વ્યવસ્થાનો પ્રકાશ પડે છે. પરંતુ હેમચન્દ્રાચાર્યએ જાતિવાદની કટ્ટરતાનો સ્વીકાર કરેલો ક્યાંય જોવા મળતો નથી. તેમની જાતિ વ્યવસ્થા શ્રમવિભાજન પર આધારિત હોય તેમ જણાય છે. તેઓ સામાજની ઉન્નતી અને અવનતીનાં મૂળ કારણ તરીકે વૈક્તિક વિકાસને માને છે.

હેમચન્દ્રાચાર્યએ શબ્દાનુશાસનમાં જાતિ વ્યવસ્થાની બાબતમાં પોતાનો અભિપ્રાય આપતાં લખે છે કે 'जातेरयान्तनित्यस्त्री शूद्रात'[१] જાતિમાં ગોત્ર, પિતૃવંશ પરંપરા અને ગુરુવંશ પરંપરાને જોડી દેવામાં આવ્યું છે. ગોત્રના જુદાજુદા પ્રકારોને આધારે અનેક પ્રકાર ની જાતિ– ઉપજાતિઓ સંગઠીત થઈ છે. આ ઉપજાતિઓનો આધાર માત્ર શ્રમવિભાજન છે. यथाकपोतपाकः व्रैहिमत्य[२] યથાપોતપા:àહિમત્વ આ સૂત્રના બન્ને ઉદાહરણોના વિશ્લેશણથી જાણવા મળે છે કે કપોતપાક જાતિ અને વ્રીહિમત જાતિ આજીવિકા મેળવવાના વિશિષ્ઠ પ્રયત્ન પર આધારિત છે. કપોતપાક એ જાતિ છે

કે જે કબુતર પકડવાનું કામ કરે છે. અથવા ખોરાક તરીકે કબુતર નાં માંસનો ઉપયોગકરે છે. આવીજ રીતે વ્રીહિમત જાતિ ધાન (અનાજ) ભેગ કરીને આજીવિકા ચલાવે છે.

સૂત્ર ૭/૨/૬૨૩માં શસ્ત્રથી આજીવિકા ચલાવનારને શસ્ત્રજીવિ સંઘ કહ્યો છે. આ સંઘ શબર, પુલિન્દ, કૌન્તેય, માણવકા વગેરે જાતિઓમાં પ્રસ્તુત ગ્રંથમાં જોવા મળે છે. 'વાહીઠલ્વ બ્રાહ્મણરાનન્યેચ:1' * સૂત્રમાં વાહિકદેશની બ્રાહ્મણ અને ક્ષત્રીય જાતિની સાથે સાથે અન્ય જાતિઓ કુંડવિશ, ક્ષુદ્રવ, શમંડ અને વાગુર વગેરે જાતિઓ શસ્ત્રજીવિ હતી.

હેમચન્દ્રાચાર્યના સમયમાં વર્ણવ્યવસ્થા વૈદિકકાળની અપેક્ષાએ શિથિલ હતી પરંતુ પોતાનુ અસ્તિત્વ ટકાવી રાખ્યું હતુ. પ્રાચીન પરંપરાની પુષ્ટિ માટે આચાર્યશ્રીએ चत्वारएवव-र्णाश्र्वश्र्वातुवनण्यम् ૭/૨/૧૪ સૂત્રમાં ચાર વર્ણોના લોકો પોતાનો મુખ્યવ્યવસાય ત્યજી અન્ય કર્મને સ્વીકારે તો તે નિંદાને પાત્ર ગણાતો હતો.

## સામાજિક સંસ્થાઓ:-

સમાજના વિકાસ માટે હેમચન્દ્રાચાર્યના સમયમાં કેટલીક સામાજિક સંસ્થાઓ અસ્તિત્વમાં હતી. આ સામાજિક સંસ્થાઓના માધ્યમથી સમાજનો વિકાસ થતો હતો. આ સંસ્થાઓ પરિ- વારની વચ્ચે રહે છે પરંતુ તેનો સબંધ સમાજની સાથે હોય છે. હેમચન્દ્રાચાર્યએ જે સામાજિક સંસ્થાઓનો ઉલ્લેખ કરે છે તે પણિનિકાલીન છે. પરંતુ તેની વ્યવસ્થા અને વ્યાખ્યામાં અંતર જોવા મળે છે. હેમચન્દ્રાચાર્યએ ગોત્ર, વર્ણ, સપિંડ, જ્ઞાતિ,કુળ, વંશ, વિભિન્ન સબંધો, વિવાહ, અન્ય સંસ્કાર અને આશ્રમ જેવી સામાજીક સંસ્થાઓનો ઉલ્લેખ કરે છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

**ગોત્ર:-**

હેમચન્દ્રાચાર્યએ ગોત્રને વંશપરંપરાના આધાર પર વર્ણવ્યવસ્થાના સૂચક તરીકે ગોત્રને વંશપરંપરા આધાર પર વર્ણવ્યવસ્થા ના સૂચક તરીકે ગોત્ર નો સ્વીકાર કર્યો છે. હેમચન્દ્રાચાર્યએ ઋષિઓની પરંપરાનેજ ગોત્રના કારણ માનતા નથી પરંતુ ઋષિ સિવાયના વ્યક્તિઓને પણ ગોત્ર વ્યવસ્થાપક માને છે. હેમચન્દ્રાચાર્યના મતાનુસાર જયારે માનવ સમુદાય અનેક ભાગોમાં વિભક્ત થવા લાગ્યો ત્યરે પોતાના પૂર્વજો અને સબંધી ઓને યાદ રાખવા માટે સંકેતોની આવશ્યકતા ઉભી થઈ. આરીતે વંશ સંસ્થાપક વ્યક્તિનું નામ ગોત્ર કહેવાયું. હેમચન્દ્રાચાર્યએ સૂત્ર ૬ /૧/૬૨[૫] માં કહે છે કે स्वापतच्सन्तानस्य स्वव्यपदेशकारणमृषिरनृषिर्व यः प्रथमः पुरस्तदपतयं गोत्रम् । वाहोरपत्यं वाहवीः औपवाकविः અર્થાત પુત્ર, પૌત્ર,પ્રપૌત્ર વગેરેના રૂપે જેટલી સંતતી થશે તે સૌને ગોત્ર કહેવાશે ગોત્રપ્રવર્તક ઋષિ અને અનૃષિ બન્ને હોઈ શકે છે.

હેમચન્દ્રાચાર્યએ અનૃષિ શબ્દ દ્વારા બ્રહ્મણેતર ગોત્રો તરફ સંકેત કર્યો છે. गोत्राड्क़्वव ૬/૨/૧૩૪ સૂત્રથી ધ્વનીત થાય છે કે બધીજ જાતીઓના ગોત્રોની પરંપરા તેમના મૂળ પુરુષથી થઈ હશે. હેમચન્દ્રાચાર્યએ પરિવારના મુખ્યાપદે અથવા ગોત્ર પદવી પ્રાપ્ત કરવાની વ્યવસ્થા પર પ્રકાશ પાડતાં ૬/૧/૩[૬]સૂત્રની વૃતિમાં લખે છે કે वंशेभवो वंश्यपित्रादिरात्मनः कारणम् । ज्यायान भ्रातावयोऽयोधिक एकपितृक, एकमातृको वा । प्रपौत्र-पौत्रापत्यम् परम प्रकृतेश्चतुर्थः । स्त्रीवर्जित प्रपौत्राधपतयं जीवति वंश्यो ज्यायो भ्रातरी वा युवसंज्ञ भवति ।

- અર્થાત સૌથી વૃદ્ધ વ્યક્તિ ગોત્રનાં ઉતરાધિકારી બને છે તેજ પરિવારનો પ્રતિનીધિ બનીને પંચાયતોમાં ભાગ લે છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

હેમચન્દ્રાચાર્યએ ગોત્રપરંપરાના સબંધ વર્ણ તેમજ રક્તપરંપરાની સાથે સાથે લોકમર્યાદા સુધી જોયો છે જયારે પ્રાણીની આત્યંતર વૃતિની વ્યાખ્યા કરવા લાગે છે ત્યારે ગોત્ર વ્યવસ્થાથી આગળ વધી શ્રમણાચરણને સર્વસ્વ માનવા લાગે છે. શ્રમણા યુધ્નારું शीलम् एवं श्रमणा अस्माकम् शीलम् - २/१/२७.

## વર્ણ:-

હેમચન્દ્રાચાર્યએ શબ્દાનુશાસનમના ૭/૨ ૬૧[3]ને સમજાવતાં કહે છે કે वणब्दो ब्रह्मचर्य पर्यायः, वर्णे ब्रह्मचर्यमस्तीति वर्णी- युष्माकं ब्रह्मचारी इत्यर्थः । अन्ये तु वर्णशब्दो ब्रह्मणादिवचनः । तत्र ब्रह्मचारीत्यनेन शूद्रव्यवच्छेदः कियते इति मन्यन्ते, तेन त्रैवर्णिको वर्णीत्युत्व्यते । स हि तिधाग्रहणार्थमुपनीतो ब्रह्म चरति मन्यन्ते, तेन त्रैवणिको वणीत्युच्वय्ते । स हि तिधाग्रहणाथे ब्रह्म् चरित शुद्रः'- અર્થાત વર્ણ શબ્દ બ્રહ્મચર્યનું પાલન કરે છે તે વર્ણી –બ્રહ્મચારી કહેવાય છે. શૂદ્ર વિદ્યા ગ્રહણ કરી શકતો નથી તેથી તેને બ્રહ્મચારી માન્યા નથી. હેમચન્દ્રાચાયએ અહીં પરંપરાથી પ્રાપ્ત વર્ણ શબ્દની વ્યખ્યા કરતાં શૂદ્રને જ્ઞાનથી વંચિત માન્યો છે પરંતુ તેના મતાનુસાર શૂદ્ર પણ ઉપસ્કારાચાર દ્વારા શુદ્ધિ થતાં તે અધિકારી બને છે.

## સપિંડ:-

હેમચન્દ્રાચાર્યએ સામાજીક અસ્તિત્વ માટે સપિંડ વ્યવસ્થાને અપનાવ્યું હોય તેમ જણાય છે.તેઓ 6/9/૪ સૂત્રનીવૃતિમાં કહે છે કે— યયોરે: પૂર્વ સપ્તમઃ પુરુષસ્તાવન્યોન્યસ્ય सपिण्डौ वयौ यौवनादिः । स्थानं पिता पुत्र इत्यादि । परमप्रकृतेः स्त्रीवर्जितः प्रपौत्राधपतयं वयः स्थानाभ्यां द्वाभ्यामधिके सपिण्डे जीवति जीवदेव युवसंज्ञं भवति અર્થાત પિતાની સાતમી પીઢી સપિંડ કહેવાય છે. મનુસ્મૃતિમાં પણ સપિંડ નું લક્ષણ આપતાં કહેવાયું છે કે "સપિંડતા સાતમી પીઢી સુધી પૂર્ણ થાય છે અને

સમાનોવતા- જન્મ તથા નામ જાણતા પૂર્ણ થાય છે" સપિંડતાથી સામાજીક સંગઠન મજબુત બને છે.લોક મર્યાદા તેમજ સમાજને સંગઠીત કરવા માટે પરિવારના સૌથી મોટા વ્યક્તિઓનું સન્માન તેમજ પ્રભુત્વ નો સ્વીકાર જરૂરી છે. આજ કારણે હેમચન્દ્રાચાર્ય જેવા સમાજ સુધારકે પૂર્વજો જીવિત હોય અને પ્રપૌત્રો હોય તો પણ યુવસંશક કહેવાય છે. તેનાથી સ્પસ્ટ થાય છે. સંગઠન અને અસ્તિવને અક્ષુણ્ણ બનાવી રાખવા માટે સપિંડને મહત્વ પ્રદાન કરવામાં આવ્યું છે.

**જ્ઞાતિઃ-**

પોતાના નજીકના સંબંધીઓને હેમચન્દ્રાચાર્યએ જ્ઞાતિ કહ્યા છે. સૂત્ર ૧/૪/૭ માં શબ્દ નુ લક્ષણ બાંધતા આચાર્ય કહે છે કે आत्मात्मीयज्ञातिधनार्थ वृतिः स्वशब्दः અર્થાત પોતાના અને પિતાના સબંધિએને જ્ઞાતિ શબ્દથી ઓળખવામાં આવે છે. હેમચન્દ્રાચાર્ય ની દષ્ટિએ પરિવાર સમસ્ત માનવીય સંગઠનોની મૂળ ઈકાઈ છે અને તેજ સામાજીક કર્તવ્યોનાં પાલન માટે પિરવારના દરેક સભ્યને યોગ્ય સ્થાન આપવું જરૂરી છે. રાગ-દ્વેષ, હપ-શાક, મમતા – મોહ, લોભ – ત્યાગ વગેરે વિષયક ઘટનાઓનું ક્રીડાસ્થળ પરિવાર છે જયારે પારિવારિક સબંધોનો વિસ્તાર થવા લાગે ત્યારે સમાજનો વિકાસ થાય છે. જ્ઞાતિ વ્યવસ્થામાં પિતાના તથા પોતાના બધાજ સબંધિઓનો એક પરિવાર બને છે. તેનાથી સમાજના ગઠનની શરુઆત થાય છે. આ વ્યવસ્થાથી વ્યક્તિ પોતાના સીમિત પરિવારથી આગળ નિકળી જાય છે. અને સબંધિઓના સુખદુઃખને પોતાનું સુખદુઃખ સમજવા લાગે છે. હેમચન્દ્રાચાર્યની જ્ઞાતિ સંસ્થા સમાજની એક ઉપાદેય સંસ્થા છે.

**કુળઃ-**

હેમચન્દ્રાચાર્યના સમયમાં કુળનું મહત્વ વધારે હતું . પ્રતિષ્ઠિત અને યશસ્વી કુળને મહા કુળ કહેવામાં આવતુ હતુ. હેમચન્દ્રાચાર્યએ તેમના શબ્દાનુશાસનના 6/9/99 સૂત્રમાં મહાકુળમાં ઉત્પન્ન થનાર વ્યક્તિઓ માટે મહાકુળ અને મહાકુલીન શબ્દનો પ્રયોગ કરે છે.૧૦ કુળની પ્રતિષ્ઠાનો માપદંડ સદાચર, જ્ઞાન, સંપતિ, સેવા અને ત્યાગ હતો. જે કુળનો વ્યક્તિ અન્ય કુળના લોકોના કલ્યાણ માટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરતો હતો તેને શ્રેષ્ઠ કુળ વાળો માનવામાં આવતો હતો. શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે ઉતમ, સદાચારી અને પ્રતિષ્ઠિત કુળોનું અસ્તિત્વ આવસ્યક માનવામાં આવતુ હતુ. જે કુળોમાં સદાચાર નથી, સ્વાર્થી અને જઓમાં અસત્ પ્રવૃતિઓ જોવા મળે છે તેને દુષ્કળ કહેવામાં આવતુ તથા તેમાં ઉત્પન્ન થયેલા વ્યક્તિઓ માટે દુઃકુલીન અથવા દૌષ્કુલેય કહેવાતા હતા.૧૧ હેમચન્દ્રાચાર્યએ પાણિનિની જેમજ પરિવારને કુળ કહ્યુ છે.

**વંશઃ-**

હેમચન્દ્રાચાર્યએ वृतिः वंश्यज्यायो भात्रोंजींवति प्रपौत्राधडस्त्री युवा। ६।९।३ સૂત્રની વૃતિમાં वंशे भवो वंश्यपित्रादिशत्मनः कारणम -અર્થાત વંશમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિને વશ્ય કહ્યો છે. વંશને હેમચન્દ્રાચાર્યએ વિધાવંશ અને યોનિવંશ એમ બે પ્રકારે વિભાજીત કર્યો છે.``વિધાવંશ ગુરુશિષ્ય પરંપરાના રૂપે ચાલે છે. આ વંશ પણ યાનિવંશની જેમ વાસ્તવીક માનવમાં આવે છે.યોની સબંધથી ઉત્પન્ન થયેલ પિતાપુત્રને યોનિવંશ કહેવામાં આવે છે. હેમચન્દ્રાચાર્યએ વંશની બાબતમાં જે વિચાર વિમર્શ કર્યો છે તે પરંપરાગત છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

## વિભિન્ન સબંધઃ-

હેમચન્દ્રાચાર્યએ માતા, પિતા, પિતામહ, ભાઈ, બહેન, પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર, પિતાની બહેન, માતાની બહેન, માતામહ, માતુલ, સાસુ વગેરે વિભિન્ન પારિવારિક સબંધોને શબ્દાનુશાસનના ૨/૩/૧૪, ૩/૧/૧૨૧. 3/૨/૪૦, ૨/૪/૬. ૨/૪/૮ વગેરે સૂત્રોમાં નિર્દેશ કર્યો છે. પુત્રને પરિવારની સુખશાન્તિના મૂળ કારણ તરીકેવર્ણાવતાં તેની મહત્તા આચાર્યશ્રીએ સ્વીકારી છે. पुत्रस्य परिष्वज्ञ् सुखम्। शरीरस्य सुखं किं तर्हि मानस प्रीति ' ૬/3/૧૨૬ અર્થાત પુત્રનો સ્પર્શ માત્ર શારિરિક આનંદ અને માનસિક આનંદ માટે કારણભૂત મનાયો છે. હેમચન્દ્રાચાર્યએ પુત્રને ઉતરાધિકારી માટે શ્રેષ્ઠ માન્યો છે. આચર્યશ્રીની દૃષ્ટિએ પરિવાર એક એવું શિક્ષણાલય છે. જેમાં વ્યક્તિ સ્નેહસૌહાર્દ, ગુરુજનો પ્રત્યે આદર ભક્તિભાવ, તેમજ સામુહિક કલ્યાણ માટેની ભાવનાઓશીખી શકાય છે. સત્ય, દાન, ત્યાગ, વાત્સલ્ય, મિત્રતા, સેવા વગેરે સદ્ગુણોનો વિકાસ ઉપરોક્ત વિભિન્ન સબંધો પર આધારિત છે. આથી જ હેમચન્દ્રાચાર્ય વિભિન્ન પરિવારિક સબંધોને સ્વતંત્ર સામાજિક સંસ્થા માને છે.

## વિવાહ:

ભારતીય સંસ્કૃતિમાં વિવાહને પ્રાચીન કાળથી જ એક મહત્વપૂર્ણ સામાજિક સંસ્થા માનવામાં આવે છે. હેમચન્દ્રાચાર્યએ પણ શબ્દાનુશાસનમ્માં વિવાહને એક સામાજિક સંસ્થા તરીકે સ્વીકાર કરતાં કહે છે नित्यं हस्ते पाणावुद्राहे । ૩।૧।૧૬ અર્થાત પાણિગ્રહણને વિવાહ કહ્યો છે. દ્વાયા-૨/૪/૭ સૂત્ર દ્વારા પણ વરણ તેમજ પાણિગ્રહણને વિવાહ સંસ્કાર માન્યો છે. પાણિગ્રહણ દ્વારા પુરુષ સ્ત્રીનું વરણ કરૂં અને વિવાહ થયા બાદ પત્નીને પાણિગ્રહીતી કહેવાતી . વિવાહ ગોત્રની બહાર થતો હતો.

આચાર્યશ્રીએ તેમના માટે (9) अत्रीभारद्राजाना विवाहोडत्रिभारद्राजिका (२) वशिष्डिगरसिका, विवाहोऽत्र वशिष्ठकपयिका, (३) भृगुअङ्गिरसानां विवाहोऽत्र भृग्वडिरसिका (४) कुत्सकुशिकानां विवाहोऽत्र कुत्सकुशिकिका, (५) गर्गभार्गवानां विवाहोऽत्र गर्गभागविका, (६)कुरु- वृष्णिनां विवाहोऽत्र कुरुवृष्णिका, (७) कुरु - काशानां विवाहोडयत्र વગેરે સાત ઉદાહરણો આપે છે. આ સાતમાંથી પ્રચમ પાંચ ઉદાહરણો પતંજલીના મહાભાષ્યમાં જોવા મળે છે.બાકીના બે હેમચન્દ્રાચાર્યએ પ્રસ્તુત કર્યા છે.

હેમચન્દ્રાચાર્યએ પાણિનિની જેમ વિવાહિતા સ્ત્રી માટે જાયા, પત્ની અને જાની વગેરે શબ્દોનો પ્રયોગ કરે છે. હેમચન્દ્રાચાર્યએ કરેલા ઉલ્લેખો પરથી એ પણ જાણવા મળે છે કે કન્યા વિવાહની સમસ્યા તેમના સમયમાં પણ વિકટ હતી. તેનુ ઉદાહરણ સૂત્ર ૭/9/20‘શોવ્હેવ્ઝરી બ્યા'છે. કન્યાનું લગ્ન કરાવવામં પડતી મુશ્કેલીને કરણે તેને શોકકારક માનવામાં આવતી હતી. હેમચન્દ્રાચાર્યએ સવર્ણ અને અસવર્ણ એમ બન્ને પ્રકારના લગ્નોનો ઉલ્લેખ કરે છે.

**અન્ય સંસ્કારઃ-**

હેમચન્દ્રાચાર્યના સમયમાં પારિવારિક જીવન વિકાસ માટે સંસ્કારોનું મહત્વપૂર્ણ સ્થાન હતું. પારિવારની અનેક પ્રવૃતિઓ આ સંસ્કારો દ્વારાજ ચાલતી હતી. પારિવારમાં શ્રેષ્ઠ વાતાવરણનું નિર્માણ સારા સંસ્કારો દ્વારા થતુ હતું. વદોમાં અને ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારોનું મહત્વ સ્વીકારાયું છે. જયારે હેમચન્દ્રાચાર્યએ નામકરણ, અન્નપ્રાશન, ચૂડાકર્મ, કર્ણવેધ, ઉપનયન, સમાપન વગેરે સંસ્કારોનો ઉલ્લેખ શબ્દનુશાસનમાં કરે છે.

**આશ્રમ-**

હેમચન્દ્રાચાર્યએ અન્ય વૈયાકરણોની જેમ આશ્રમને સામાજીક સંસ્થા માને છે.'આશ્રમ દ્વારા વ્યક્તિ સમાજ હિત માટે પોતાનો સૌથી વધુ ઉપયોગ કરતો હતો. ચતુરાશ્રમ્યમ્ ૭/૨/%૦૪-સૂત્ર દ્વારા આચાર્યશ્રીએ પ્રાચીન પરંપરાને આધારે ચાર આશ્રમને સ્વીકારે છે.પણ વર્ણ વ્યવસ્થાની જેમ આશ્રમ વ્યવસ્થા અસ્ત વ્યસ્ત થઈ ચુકી હતી. હેમચન્દ્રાચાર્યના મતાનુસાર ગૃહસ્થ અને શ્રમણ આ બે આશ્રમો હતા. તેના દીક્ષાતપસી, શ્રદ્ધાતપસી,શ્રુતતપસી,મેધાતપસી અને અધ્યયન તપસી વગેરે ઉદાહરણાથી સમજાય છે કે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે દિક્ષા ધારણ કરી સકતો હતો. श्रमणा युष्माभ्यं दीयते, श्रमणा अस्माभ्यं दीयते -૨/૧/૨૬ સૂત્રથી એ પણ સ્પસ્ટ થાય છે કે શ્રમણદીક્ષાજ સર્વોપરી હતી. ગૃહસ્થાશ્રમ ભ્રમણ દીક્ષાને પ્રપ્ત કરવા માટેનું એક માધ્યમ હતું.

આમ આ રીતે હેમચન્દ્રાચાર્યએ તેમના શબ્દાનુશાસનમાં સામાજિક દૃષ્ટિકોણ અને સામાજિક સંસ્થાઓ વિશે પ્રકાશ પાડેલો જોઈ શકાય છે.

## સંદર્ભસૂચિ

(१) शब्दानुशासनम् - २/४/५८

(२) शब्दानुशासनम् - ७ / ८ /६१

(3) शास्त्रजीविनां यः संघस्तदाचिनः स्वार्थेञ्द प्रत्ययो वा भवति । पुलिन्दा, कुन्तेरपतयं बहवो माणवकः कुन्तयः ते शास्त्रजीविसंघः कौन्चः । शब्दानुशासनम् - २/४/५८

(४) शब्दानुशासनम् - २ / ४/५८

(५) वह्नादिभ्योगोत्रे । - ६/१/३२

(५) वंश्यज्यायोभ्रात्रोर्जीवति प्रपौत्राधस्त्री युवा ।

(७) शब्दानुशासनम् - ७ / २ / ६९

(८) सपिण्डे वयः स्थानाधिके जीवद्धा । ६/१/४

(८) सपिण्डता तु पुरुषे सप्तमे विनिवर्तते । समानोदकभावस्तु जन्मनाम्नोरवेदने ।। मनुस्मृति - ५ / ६०

(१०) शमहाकुलाद्वाऽञौ । शब्दानुशासनम् - ६ /१/९९

(११) दुष्कुलादेयण्वा । शब्दानुशासनम् - ६/१ / ९८

(१२) विधायोनिसम्बन्धादकञ् । शब्दानुशासनम् - ६ / ३ / १५०